૪(બ)

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. XLVII ] FRIDAY, 8th SEPTEMBER, 2006/BHADRAPAD 17, 1928 [ No. 48

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

## અધિસૂચન

**નગર રચના યોજના, સુરત નં. ૫૬ (બમરોલી)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.**

નં. ટીપીડી/૫૨૧૬/૦૬.- આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૨ (૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : નગર રચના યોજના સુરત નં. ૬ (મજુરા-ખટોદરા) તથા ખાડીની હદ.

દક્ષિણે : ૪૫.૦૦ મી.ના રસ્તાની હદ તથા મોજે બમરોલીનો બાકીનો ભાગ.

પૂર્વે : નગર રચના યોજના, સુરત નં. ૨ (ઉધના)ની હદ.

પશ્ચિમે : નગર રચના યોજના, સુરત નં. ૨૮ (અલથાણ-ભટાર) તથા ખાડીની હદ.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાનાં દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાનાં સંબંધના વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સુરત, ૭ માહે સપ્ટેમ્બર, સને ર૦૦૬.

*(સહી) અવાચ્ય,*
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

# ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિ તા. ૫-૯-૦૬ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ર૪-૦૭-ર૦૦૬ના પત્ર નં. સી.મી.સ/૮/૧૩થી વિદિત થઈ, સાઉથ ઝોન વિસ્તારમાં મુસદારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૬ (બમરોલી)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪ર(૧) મુજબ યોજનાનો મુસદો સરકારી રાજયપત્રમાં તથા બે સ્થાનિક દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદો પ્રસિધ્ધ કર્યાની તારીખથી એક માસની અંદર જાહેર જનતા પાસેથી વાંધા/સૂચનો મેળવવા તથા આવેલ વાંધા/સૂચનો ધ્યાને લઈ ઉપરોકત કાયદાની જોગવાઈઓ મુજબ સદરહુ મુસદારૂપ નગર રચના યોજનાને સરકારશ્રીમાં સાદર કરવાની કાર્યવાહી કરવા તથા તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૩૮/ર૦૦૬ મંજુર.**

-------

## સુરત મહાનગરપાલિકા

# અધિસૂચન

**નગર રચના યોજના, સુરત નં. ૫૭ (પાંડેસરા) નો મુસદો પ્રસિધ્ધ કરવા બાબત.**

નં. ટીપીડી/૫ર૧૫/૦૬.- આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદારૂપ યોજના) યોજનાનો મુસદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪ર (૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : નગર રચના યોજના સુરત નં. ર (ઉધના)ની હદ અને ૪૫.૦૦ મી. પહોળાઈનો ડી.પી.રોડ.

દક્ષિણે : ભેદવાદ ખાડી તથા પાંડેસરા (જી.આઈ.ડી.સી) વિસ્તાર.

પૂર્વે : ૬૦.૦૦ મી. પહોળાઈના ડી.પી.રોડની હદ તથા મોજે ભેદવાદનો બાકીનો ભાગ.

પશ્ચિમે : મોજે પાંડેસરાનો બાકીનો ભાગ.